# શહેરમાં વૃક્ષારોપણ કરેલા રોપા તોડવાની ઘટના

ગાંધીનગર, તા. ૧૨

પાટનગર ગાંધીનગરને ફરી હરિયાળાં શહેરનું બિરુદ અપાવવા વહીવટી તંત્રએ કમર કસી છે અને વૃક્ષારોપણને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ સાથે શહેરના પ્રકૃતિપ્રેમી નાગરિકો દ્વારા પણ ઠેર ઠેર વૃક્ષારોપણ કરીને આ અભિયાનમાં પોતાનો બહુમૂલ્ય ફાળો આપવામાં આપવામાં આવી રહયો છે. આ સમયે બીજી તરફ શહેરમાં કેટલાંક એવાં તત્વો પણ છે જેઓ આ પુણ્યકાર્યના હવનમાં હાડકાં નાખવાનું કામ કરવામાં આવું રહ્યું છે. શહેરના સેક્ટર-૨૬માં કિસાનનગર ખાતે પર્યાવરણ પ્રેમી નાગરિકોને વાવીને ઉછેરેલા રોપાં તોડી નાંખીને તેમની અધમ માનસિકતાનો પરિચય આપ્યો છે.

સે.૨૬માં કિસાનનગર ખાતે જતનપૂર્વક ઉછેરેલા તરમેલીયાના છોડ અસામાજિક તત્વોએ તોડીનાંખ્યા



શહેરમાં સેક્ટર-૨૬ કિસાનનગરમાં પર્યાવરણ પ્રેમી નાગરિકોએ વાવીને જતનપૂર્વક ઉછેરેલા તરમેલીયાના કેટલાંક છોડ પર્યાવરણ વિરોધી અસામાજિક તત્વો દ્વારા તોડી નાખવામાં આવ્યાં છે. આ છોડ પાછળ પર્યાવરણ પ્રેમી નાગરિકો છોડ દીઠ રૂ.૪૦૦થી વધુ કિંમત ચૂકવીને લાવવામાં આવ્યાં હતા અને તેને વાવીને સુરક્ષા માટે ટ્રી ગાર્ડ પણ લગાડવામાં આવ્યાં હતા તેમજ તેનું ખાતર પાણી સાથે નિયમિત જતન કરવામાં આવતું હતું જેના કારણે તે ટ્રી ગાર્ડથી ઉંચા થઈને બહાર આવી ગયાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ભૂતકાળમાં પણ શહેરમાં ઘ-માર્ગ પર ઘ-૨, નજીક અને સેક્ટર-૨૩માં પર્યાવરણ પ્રેમી નાગરિકો દ્વારા વાવીને જતનપૂર્વક ઉછેરવામાં આવેલા વૃક્ષારોપણના રોપાં તોડી નાંખવાની ઘટના સર્જાઈ ચુકી છે. આ પ્રકારના અસામાજિક તત્વોને ખુલ્લા પાડવામાં આવે અને તેમને યોગ્ય સજા કરાય તેવી શહેરના પ્રકૃતિ પ્રેમીઓમાં લાગણી પ્રવર્તી રહી છે.

## મેરી માટી મેરા દેશ કાર્યક્રમ અંતર્ગત પંચાયત રાજ તાલીમ કેન્દ્રમાં વૃક્ષારોપણ

ગાંધીનગર, તા. ૧૨

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા મેરી માટી મેરા દેશ કાર્યક્રમ અંતર્ગત માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનાં આહવાન પર પર્યાવરણને ધ્યાનમાં રાખીને પંચાયતી રાજ તાલીમ કેન્દ્રમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પંચાયતી રાજ તાલીમ કેન્દ્રનાં આચાર્યશ્રી તેજસભાઈ ઠાકર અને તેમના સ્ટાફ શ્રી ભરતભાઈ પટેલ અને શ્રી શૈલેન્દ્રભાઈ વાઘેલાની વિશેષ ભૂમિકા રહી હતી. ડીનશ્રી ડૉ. જગદીશચંદ્ર સાવલીયા સાહેબ સ્વય સેવકોને યોગ્ય માર્ગદર્શન આપ્યો હતો અને બધાજ સાદરાન સરકારી સંસ્થાનોમાં સ્વય સેવકો જઈ ગાંધીજી દ્વારા




આપેલા પર્યાવરણ સંદર્ભમાં કરેલા રચનાત્મક કાર્યો અને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આપેલા આહવાન મેરી માટી મેરા દેશ કાર્યક્રમ અને આઝાદીનાં અમૃત મહોત્સવ કાર્યક્રમનો સંદેશો આપે અને સાથે વૃક્ષારોપણ પણ કરે. વિશેષમા આ સંપૂર્ણ વૃક્ષારોપણ કાર્યક્રમમાં સંસ્થાના રાસેયોન સ્વય સેવક શ્રી ખંજન મકવાણા, શ્રી દિગ્વિજયસિંહ વિહોલ, શ્રી નમન સોંડાગર, શ્રી જુનેદ પઠાણ, શ્રી પ્રતિક ભટ્ટ, , નરેશ ઠાકોર, વિરલ ચૌધરી, યશ ચૌધરી, શામળ ડાભી, ચંદ્રભાન મકવાણાનાં નેતૃત્વમાં કરવામાં આવી રહ્યું છે. સમ્પૂર્ણ કાર્યક્રમનું સંચાલન અને આયોજન ડૉ. અરવિંદ રામી અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું હતું

## ભાગવત કથા એ કલિયુગમાં મુક્તિનો સૌથી નિશ્ચિત માર્ગ છેઃ નારાયણાનંદજી

**શારદામઠમાં ત્રીજી ભાગવત કથાનો પ્રારંભઃ સત્સંગનો દિવ્ય લાભ**

શારદા પીઠાધિકારી જગદગુરુ શંકરાચાર્ય શ્રી સદાનંદ સરસ્વતીજીની ચાતુર્માસ ઉજવણી અંતર્ગત અધિક શ્રાવણ માસ અને આગામી નિજ શ્રાવણ માસ દરમિયાન વિવિધ સત્સંગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.



અધિક શ્રાવણ માસ નિમિત્તે શારદામઠ ખાતે બ્રહ્મચારી નારાયણાનંદજીના વ્યાસાસને ત્રીજી શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે.

શ્રીમદ ભાગવત કથાની મહાનતા વર્ણવતા બ્રહ્મચારી નારાયણાનંદજીએ કહ્યું છે કે મહર્ષિ વેદ વ્યાસે પુરાણોની રચના કરી છે. જેમાં શ્રીમદ ભાગવત પુરાણ તમામ પુરાણોમાં સર્વોપરી છે.

સંસારની રોજબરોજની અશાંતિમાં ફસાયેલા ભાવિ ભક્તોને ભગવાન કેવી રીતે સત્સંગની પ્રેરણા આપે છે તેનું ઉદાહરણ. કળિયુગમાં ભાગવત કથાનું શ્રવણ મોક્ષનો માર્ગ બતાવે છે.

એક ઉદાહરણ આપતાં તેમણે કહ્યું કે જો તમે ઘરે આવો તો એ સંકેત સમજવો જોઈએ કે ભગવાન તિરસ્કારથી તમને ચા પીવા આમંત્રણ આપે છે અને અહીં આવીને સત્સંગનો લાભ લેવા કહે છે.

કલયુગમાં ભાગવત કથા સાંભળવાથી મોક્ષ મળે છે.

**સંકલન - રોહિત દવે**

## ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ કોલેજ દ્વારા 'સાહિત્યમાં પક્ષીઓ' વિષય પર સંવાદ

ગાંધીનગર, તા. ૧૨

ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ, ગાંધીનગર ખાતે તા. ૧૦ ઓગષ્ટ, ૨૦૨૩ના રોજ કોલેજની પ્રવૃત્તિ 'સંવાદ' દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪નો પ્રથમ કાર્યક્રમ યોજાઈ ગયો. જાણીતા પક્ષીવિદ અને અંગ્રેજી સાહિત્યના પ્રાધ્યાપિકા ડૉ. ઉલુપીબેન પટેલે 'સાહિત્યમાં પક્ષીઓ' વિષય પર વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરીને ગુજરાતી, સંસ્કૃત, હિન્દી અને અંગ્રેજી




સાહિત્યના વિવિધ લેખકો દ્વારા પોતાની કૃતિઓમાં કેવી રીતે પક્ષીસૃષ્ટીનો સમાવેશ કર્યો છે તેની સુંદર રજૂઆત કરી હતી.આ કાર્યક્રમની શરૂઆતમાં આચાર્ય ડૉ. હરીતભાઈ પટેલે વિદ્યાર્થીઓને આવકાર આપીને ડૉ. ઉલુપીબેન પટેલનું સ્વાગત કર્યુ અને આ પ્રવૃત્તિ માટે શુભેચ્છાઓ આપી. સંવાદ પ્રવૃત્તિ ડૉ. પ્રણવ જોષીપુરા, પ્રો. તેજસ શાહ, પ્રા. પાયલબેન પંડ્યા અને ડૉ. મનુભાઈ પરમારના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓને અભ્યાસ સિવાયની રચનાત્મક પ્રવૃત્તિઓ વર્ષભર કરાવે છે.સર્વ વિદ્યાલય કેળવણી મંડળ-કડી ગાંધીનગર સંચાલિત કડી સર્વ વિશ્વ વિદ્યાલયની ગાંધીનગર સે. ૧૨ સિવિલ કેમ્પસમાં સ્થિત સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગમાં 'રોગનિવારક આહાર' વિષય ઉપર પ્રદર્શન યોજાયુ હતુ. આ પ્રદર્શનનું ઉદ્ઘાટન જી. એમ. ઈ. આર. એસ. હોસ્પિટલ, ગાંધીનગરના ડાયેટિશિયન દિક્ષાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું. ડૉ. રાજેશ રાવલ પ્રિન્સિપાલ, સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ, પ્રો. ભાવિષા પટેલ, વાઈસ પ્રિન્સિપાલ સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમમાં સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના પ્રથમ વર્ષ જી.એન.એમ.ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. દર્દીઓને રોગ પ્રમાણે કેવા પ્રકારનો રોગનિવારક આહાર આપવો એ વિષય ઉપર રસોઈ શૉ તથા પોસ્ટર પ્રદર્શન દ્વારા સમજાવ્યુ હતુ. આ પ્રદર્શનનું માર્ગદર્શન શ્વેતા ચૌધરી તથા ફોરમ રાણા દ્વારા આપવામાં આવ્યું હતું.

## ચેખલારાણી ગામે ગાંધીનગર તાલુકા મહિલા મોરચા દ્વારા ટિફિન બેઠક



ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર તાલુકાના કેટલા રાની ખોડીયાર માતાજીના મંદિરે ગાંધીનગર તાલુકા મહિલા મોરચા દ્વારા ટિફિન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર તાલુકા મહિલા મોરચા ટીમ જિલ્લા મંડળની બહેનો તાલુકા મંડળ ની બહેનો જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની બહેનો જિલ્લા પદાધિકારીઓ બુથ પ્રમુખ સહિત મોટી સંખ્યામાં બહે નો હાજર રહી હતી ગાંધીનગર તાલુકા મહિલા મોરચા પ્રભારી તાજબેન મીર દિવ્યાબેન ચૌધરી ગાંધીનગર તાલુકા મહિલા મોરચા પ્રમુખ સુનિતાબેન પટેલ ગાંધીનગર તાલુકા મહિલા મોરચા મહામંત્રી માધવીબેન પંડ્યા વગેરે ઉપસ્થિત રહ્યા હતા

## મહેન્દ્રકાકા સોડાવાળાએ ઘ-૨ ખાતે વૃક્ષોનું વાવેતર કરી જન્મદિવસની ઉજવણી કરી

ગાંધીનગર, તા. ૧૨

શહેરના ઘ-૨ કોર્નર ખાતે સોડાની રેકડી ચલાવતા મહેન્દ્રકાકા સોડાવાળાના નામથી જાણીતા થયા છે. તેઓ છેલ્લા દોઢ દાયકાથી નગરમાં સોડાનો વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્યારે કાકાની સોડાની પીવા માટે નગરજનો દુરદુરથી આવે છે. મહેન્દ્રકાકા વિરમગામવાળા વર્ષ-૧૯૭૯ થી સોડાના ધંધામાં પોતાની આગવી ઓળક ઉભી કરી છે. ત્યારે આજે મહેન્દ્ર કાકા સોડાવાળાએ પોતાના જન્મ દિવસ અનોખી રીતે ઉજવ્યો હતો. શહેરના ઘ-૨ સેકટર-૨ સી કોર્નર ખાતે મહેન્દ્રભાઈ સોડાવાળાએ ૬૪ વૃક્ષોનું વાવેતર કરી જન્મદિવસની ઉજવણી કરી હતી. આ પ્રસંગે તેમના મિત્રો તેમજ પરિવારજનો હાજર રહ્યા હતા. કાકાએ રૂપીયા ખર્ચીને ખાનગી નર્સરીમાંથી વિવિધ છોડની ખરીદી કરી હતી.

## દહેગામ કોલેજ સંસ્કાર ધામ કેમ્પસ દ્વારા રક્તદાન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૧૨

તા. ૧૧-૮-૨૩ના રોજ દહેગામ કોલેજ સંસ્કાર ધામ કેમ્પસ દ્વારા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ.

રક્તદાન શિબિરમાં કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ એન.સી.સી. કેડેટ્સ અને એન.એસ.એસ. સ્વયંસેવકો, સ્ટાફ તેમજ વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી રક્તદાન કર્યુ હતુ. આ રક્તદાન શિબિરમાં દહેગામ તાલુકા એજ્યુકેશન સોસાયટી સંચાલિત ત્રણે સંસ્થાઓના વિદ્યાર્થીઓ તેમજ આશીર્વાદ આઈ એન્ડ જનરલ હોસ્પિટલના સ્ટાફગણે પણ હાજર રહી રક્તદાન કર્યુ હતુ.

આ રક્તદાન શિબિરમાં કુલ ૬૮ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યુ હતુ.

રેડ ક્રોસ બ્લડ બેંક અમદાવાદની મેડીકલ ટીમ દ્વારા ભેગું કરવામાં આવેલ રક્ત થેલેસીમિયાથી પીડિત બાળકો માટે તદન નિઃશુલ્ક આપવામાં આવશે.

આ રક્તદાન શિબિરના આયોજનમાં નટુભાઈ ઠક્કર ફાઉન્ડેશન, આઈ. ક્યુ. એ. સી. તેમજ લાયન્સ ક્લબ કાંકરિયા દ્વારા રક્તદાતાઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે દહેગામ તાલુકા એજ્યુકેશન સોસાયટીના માનદ મંત્રીઓ, ત્રણે સંસ્થાઓના આચાર્યો, એન.સી.સી. અને એન. એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસરો તેમજ સ્ટાફ ગણ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## વિજ્ઞાન ભારતી તેમજ વિજ્ઞાન ગુર્જરી દ્વારા વિવિધ આયામોના લોકાર્પણ કાર્યક્રમ




ગાંધીનગર, તા. ૧૨

અખિલ ભારતીય ધોરણે કાર્ય કરતી સંસ્થા વિજ્ઞાન ભારતી નું ગુજરાતનું એકમ એટલે કે વિજ્ઞાન ગુર્જરી. વિજ્ઞાન ભારતી અને વિજ્ઞાન ગુર્જરી સ્વદેશી વિજ્ઞાન ચળવળ ના સંકલ્પ સાથે કાર્ય કરતી સંસ્થા છે. સ્વ નિર્ભર અને વિકસિત ભારતનું સ્વપ્ન લઈ પ્રાચીન અને અર્વાચીન વિજ્ઞાન નો સમન્વય સાધી વિજ્ઞાન ગુર્જરી કાર્ય કરે છે. આ માટે વિજ્ઞાન ગુર્જરી દ્વારા વર્ષ દરમિયાન અલગ-અલગ કાર્યક્રમ યોજવામાં આવે છે.

વિજ્ઞાન ગુર્જરી દ્વારા તારીખ ૧૨/૦૮/૨૦૨૩ ના રોજ આઈઆઈટી ગાંધીનગર ખાતે વિવિધ આયામોના લોકાર્પણ કાર્યક્રમ યોજવામાં આવેલ.આ પ્રસંગે આપણા માનનીય શ્રી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગાંધીનગરના મેયર શ્રી હિતેશભાઈ મકવાણા, વિજ્ઞાન ભારતી ના રાષ્ટ્રીય સચિવ શ્રી પ્રવીણ રામદાસજી, વિજ્ઞાન ગુર્જરીના ગુજરાત પ્રાંતના અધ્યક્ષ શ્રી ડો. ચૈતન્ય ભાઈ જોશી ના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ દરમિયાન સંપૂર્ણ ગુજરાતમાંથી ૮૦૦ થી પણ વધુ સંશોધકો, શિક્ષકો , વિદ્યાર્થીઓ અને વિજ્ઞાન ભારતી ના કાર્યકર્તા ની ટીમ દ્વારા ભાગ લેવામાં આવ્યો.

આ કાર્યક્રમ માં ભારતીય વિજ્ઞાન સંમેલન ૨૦૨૩, વિધ્યાર્થી વિજ્ઞાન મંથન, વિજ્ઞાન ગુર્જરી ઈનોવેશન ક્લબ ના લોકાર્પણ ઉપસ્થિત મહાનુભાવ દ્વારા કરવામાં આવ્યું તથા સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટ ૨૦૨૩ નું ૧૦ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ આયોજન થયું હતું જેમાં વિજ્ઞાન ગુર્જરીની ગુજરાત પ્રાંતની ટીમ દ્વારા એક જ દિવસમાં ૩૩૭ જેટલા એક્સપર્ટ વાર્તાલાપ ૩૩૭ અલગ અલગ શાળા, કોલેજ અને યુનિવર્સિટીમાં કરવામાં આવ્યા. જેમાં સમગ્ર ગુજરાતમાંથી ૨૪ જિલ્લાના ૩૪,૮૪૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ કાર્ય બદલ વિજ્ઞાન ગુર્જરીએ વર્લ્ડ રેકોર્ડ્સ ઈન્ડિયા માં વર્લ્ડ રેકોર્ડ પ્રસ્થાપિત કર્યો. તેનું સર્ટિફિકેટ માનીનીય મુખ્યમંત્રી ના વરદ હસ્તે આપવામાં આવ્યું. જે જિગ્નેશ બોરીસાગર, હિરેન રાજગુરુ, સ્વેતા શાહ ને આપવામાં આવ્યું.

આ ઉપરાંત વિજ્ઞાન ગુર્જરી દ્વારા શરૂ થનાર ઈનોવેશન ક્લબ જે સમગ્ર ગુજરાત ના વિધ્યાર્થી માં સંશોધનાક વૃતિ વધે તે હેતુસર સ્થાપના કરવામાં આવી છે. તેમજ ૨૮ થી ૩૦ ઓક્ટોબર દરમિયાન અખિલ ભારતીયસ્તર પર વિજ્ઞાન ભારતી દ્વારા યોજાનાર ભારતીય વિજ્ઞાન સંમેલન ૨૦૨૩ ના પોસ્ટરનું પણ માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમ દરમિયાન વિજ્ઞાન ગુર્જરી ઈનોવેશન ક્લબની ટીમ અલ્પેશ ભટ્ટ દ્વારા વિદ્યાર્થીઓને વિજ્ઞાનને લગતા અલગ અલગ મોડલ તેમજ ડેમો બતાવવામાં આવ્યા હતા.

## સિધ્ધાર્થ લો કોલેજ ખાતે મારી માટી મારો દેશ અન્વયે કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરની સિધ્ધાર્થ લો કોલેજ ખાતે આજરોજ ભારત દેશને આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થતા હોવાથી મારી માટી મારો દેશ અંતર્ગત માતૃભુમીના વિરોને યાદ કરી શપથ લેવડાવ્યા હતા. જયારે આ પ્રસંગે વૃક્ષારોપણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં આચાર્ય, સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

## એસ. વી. સ્કુલમાં દેશભક્તિ ગીતની સ્પર્ધાનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ. વી. અંગ્રેજી પ્રાયમરી શાળામાં ધોરણ ૧ થી ૪ નાં વિદ્યાર્થીઓ માટે દેશભક્તિ ગીતની સ્પર્ધાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો. જેમાં બાળકો એ દેશભક્તિનાં અલગ -અલગ ગીતો નું અભિનય દ્વારા ખૂબ જ ઉમદા રીતે રજૂઆત કરી હતી. વિદ્યાર્થીઓ એ ત્રિરંગાનાં કલર નાં કપડા પહેરી ને ખૂબ જ સરસ



રીતે ધોરણ પ્રમાણે અલગ અલગ સમૂહ માં વિવિધ દેશભક્તિનાં ગીતો ને રજૂ કર્યા હતાં. ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહનરૂપે સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતાં.

## શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં આઝાદીના અમૃત મહોત્સવ પર્વ નિમિત્તે રેલી યોજાઈ

ગાંધીનગર, તા. ૧૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૫ માં આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તો રેલીનું આયોજન થયું હતું. જેમાં ૫૫૦ જેટલા વિદ્યાર્થીઓએ રેલીમાં ખૂબ જ ઉત્સાહભેર





ભાગ લીધો હતો. જેમાં રાષ્ટ્ર પ્રત્યેની ભાવના ઉજાગર થઈ દેશને આઝાદી અપાવવામાં જે નેતાઓએ પોતાનું જીવનદાન આપ્યું તે નિમિત્તે બાળકો દ્વારા નારા બોલાવ્યા અને દેશના પ્રતીક સમાન રાષ્ટ્રધ્વજનું સન્માન જળવાય તેવી પ્રતિજ્ઞા લીધી હતી.